## શાહરૂખ તેના 59મા જન્મદિવસે ભવ્ય પાર્ટીનું આયોજન કરશે



મુંબઈ, તા. 30 : શાહરૂખ ખાન 2 નવેમ્બરે પોતાનો 59મો જન્મદિવસ ઉજવશે. સાંભળવામાં આવ્યું છે કે, કિંગ ખાનનો આ જન્મદિવસ ધામધૂમથી ઉજવવામાં આવશે. ખાન પરિવારના નજીકનાં સૂત્રોનું માનીએ તો આ વર્ષે શાહરૂખ મન્નત ખાતે એક ભવ્ય પાર્ટીનું આયોજન કરશે. પાર્ટીમાં પરિવારના નજીકના સભ્યો અને મિત્રો સહિત લગભગ 250 લોકોને આમંત્રિત કરવામાં આવશે. બર્થ-ડે પાર્ટી ઉપરાંત દર વર્ષની જેમ આ વર્ષે પણ શાહરૂખ દિવાળી પાર્ટીનું આયોજન કરી શકે છે. એક અખબારી અહેવાલમાં ખાન પરિવારના નજીકનાં સૂત્રોને ટાંકીને કહ્યું હતું કે, આ વખતે શાહરૂખનો જન્મદિવસ ખાસ રીતે ઉજવવામાં આવશે. આ પ્રસંગ માટે શાહરૂખની ટીમ અને ગૌરીએ વ્યક્તિગત રીતે અભિનેતાના જન્મદિવસના આમંત્રણ કાર્ડ અને ગેસ્ટ લિસ્ટ પર કામ કર્યું છે.




## સલમાન ખાનને ફરી મારી નાખવાની ધમકી, રૂ. 2 કરોડની માંગ, બાંદ્રા નિવાસી ઝડપાયો

મુંબઈ, તા. 30 (પીટીઆઈ) : બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનને ફરી જાનથી મારી નાખવાની ધમકી મળી છે અને રૂ. 2 કરોડની માંગ કરવામાં આવી છે. ત્યાર બાદ પોલીસે બુધવારે મુંબઈના બાંદ્રાના રહેવાસીની ધરપકડ કરી હતી. એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

મુંબઈ ટ્રાફિક પોલીસને મંગળવારે એક અનામી મેસેજ મળ્યો હતો, જેમાં મોકલનારે 58 વર્ષીય અભિનેતાને 2 કરોડ રૂપિયા નહીં ચૂકવે તો તેને મારી નાખવાની ધમકી આપી હતી. એમ અધિકારીએ જણાવ્યું હતું. બુધવારે પોલીસે બાંદ્રા (પૂર્વ) ના રહેવાસી આઝમ મોહમ્મદ મુસ્તફા નામના એક વ્યક્તિની ધરપકડ કરી હતી, જેણે કથિત રીતે ખાનને જાનથી મારી નાખવાની તાજેતરની ધમકી આપી હતી અને તેની પાસેથી 2 કરોડ રૂપિયાની માંગણી કરી હતી. એમ અધિકારીએ જણાવ્યું હતું.



## ફિલ્મ-એડિટર નિષાદ યુસુફ કેરળના એપાર્ટમેન્ટમાં મૃત હાલતમાં મળી આવ્યા



કોચી, તા. 30 (પીટીઆઈ) : જાણીતા ફિલ્મ-એડિટર નિશાદ યુસુફ બુધવારે વહેલી સવારે અહીંના એક એપાર્ટમેન્ટમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા. એમ પોલીસે જણાવ્યું હતું. અલપ્પુઝા જિલ્લાના હરિપદના રહેવાસી 43 વર્ષીય ફિલ્મ-એડિટરનો મૃતદેહ સવારે લગભગ 2 વાગ્યે પનામપિલ્લી નગરના એક એપાર્ટમેન્ટમાં મળી આવ્યો હતો. એક પોલીસ-અધિકારીએ જણાવ્યું હતું કે, આ ઘટના આત્મહત્યાની હોવાની આશંકા છે. જોકે, તેમણે વધુ વિગતો આપી ન હતી. યુસુફનો મૃતદેહ પોસ્ટમોર્ટમ બાદ પરિવારને સોંપવામાં આવ્યો હતો. 2022માં શ્રેષ્ઠ સંપાદક માટે કેરળ રાજ્ય ફિલ્મ પુરસ્કાર વિજેતા યુસુફની નોંધપાત્ર કૃતિઓમાં 'થલ્લુમાલા', 'ચાવર', 'ઉંડા', 'સાઉદી વેલ્લાક્કા', 'વન', 'ઓપરેશન જાવા', 'બાઝુકા' અને 'કાંગુવા'નો સમાવેશ થાય છે. કેરળના સીએમ પિનરાઈ વિજયને પણ યુસુફના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો.

## અફઘાન મહિલાઓ ઊંચા અવાજમાં નમાઝ પઢી શકે નહીં અથવા અન્ય મહિલાઓની સામે કુરાન વાંચી શકે નહીં: તાલિબાન

ઈસ્લામાબાદ, તા. 30 (એપી): તાલિબાન સરકારના મંત્રીના જણાવ્યા અનુસાર, અફઘાન મહિલાઓને અન્ય મહિલાઓની સામે મોટેથી નમાઝ પઢવા અથવા કુરાનનો પાઠ કરવાની મનાઈ છે.

આ નૈતિકતાના કાયદાઓનું પાલન કરતી સ્ત્રીઓ પરનો તાજેતરનો પ્રતિબંધ છે, જે તેમને તેમનો અવાજ ઉઠાવવા અને ઘરની બહાર તેમનો ચહેરો બતાવવા પર પ્રતિબંધ મૂકે છે. તેમને છઠ્ઠા ધોરણ પછીના શિક્ષણ, ઘણી જાહેર જગ્યાઓ અને મોટા ભાગની નોકરીઓમાંથી પહેલેથી જ બાકાત રાખવામાં આવી છે.

અધિકારીની ટિપ્પણીની સ્પષ્ટતા કરવા અથવા પ્રતિબંધ પણ નૈતિકતા કાયદાનો ભાગ બનશે કે કેમ તેની પુષ્ટિ કરવા વાઈસ અને વર્ચ્યુ મંત્રાલયમાંથી કોઈ પણ બુધવારે તરત જ ઉપલબ્ધ નહોતું.

## ફ્લાઈટ્સને બોમ્બની ધમકીની ગંભીરતા તપાસવા નવી માર્ગદર્શિકા જારી કરાઈ

**ધમકી** આપનાર વ્યક્તિ અથવા સંગઠનની ઓળખ સ્થાપિત કરાશે ફ્લાઈટમાં વીઆઈપી અથવા વીવીઆઈપી છે કે નહીં તે પણ ધ્યાનમાં લેવાશે

નવી દિલ્હી, તા. 30 (પીટીઆઈ): સોશિયલ મીડિયા હેન્ડલની ઉપનામી અથવા અનામી પ્રકૃતિ, ભૌગોલિક રાજકીય પરિસ્થિતિનું વિશ્લેષણ અને વિમાનમાં વીઆઈપીની હાજરી એ કેટલાક નવા માપદંડ છે જેને એજન્સીઓ ભારતીય એરલાઈન્સને મળતી બોમ્બની ધમકીની ગંભીરતા આંકવા માટે ધ્યાનમાં રાખશે.

નાગરિક ઉડ્ડયન સુરક્ષા અને ગુપ્તચર એજન્સીઓ માટે નવી માર્ગદર્શિકા બ્યુરો ઓફ સિવિલ એવિએશન (બીસીએએસ) દ્વારા વિકસતા સુરક્ષા પડકારોને ધ્યાનમાં રાખીને જારી કરવામાં આવી છે, ખાસ કરીને વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા બોમ્બની ખોટી ધમકીઓ જારી કરવાના ઉભરતા વલણને ધ્યાનમાં રાખીને.

છેલ્લા બે અઠવાડિયામાં 510થી વધુ ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સને બોમ્બની ધમકીઓ મળી છે જે પાછળથી ખોટી હોવાનું બહાર આવ્યું હતું.

આ ધમકીઓ મોટાભાગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પરના અનામી હેન્ડલ્સ દ્વારા જારી કરવામાં આવી હતી. આનાથી એરલાઈન્સ માટે મોટી સંચાલન અને નાણાકીય તકલીફ ઊભી થઈ છે.

# હિમાચલ પ્રદેશના બીર-બિલિંગમાં અન્ય પેરાગ્લાઇડર સાથે ટક્કર લાગતાં બેલ્જિયમના પેરાગ્લાઇડરનું મોત

**બીર-**બિલિંગમાં 2 નવેમ્બરથી શરૂ થઈ રહેલા પેરાગ્લાઇડિંગ વર્લ્ડ કપ 2024ના ચાર દિવસ પહેલા દુર્ઘટના બની

શિમલા, તા. 30 (પીટીઆઈ) : હિમાચલ પ્રદેશના બીર-બિલિંગમાં હવામાં એક અન્ય પેરાગ્લાઈડર સાથે અથડાયા બાદ બેલ્જિયનના એક પેરાગ્લાઈડરનું મોત થયું હતું. કારણ કે, દુર્ઘટના બાદ તેનું પેરાશૂટ ખોલી શક્યો ન હતો. એમ અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું.

આ દુર્ઘટના કાંગડા જિલ્લામાં બીર-બિલિંગમાં 2 નવેમ્બરથી શરૂ થઈ રહેલા અઠવાડિયા સુધી ચાલનારા પેરાગ્લાઈડિંગ વર્લ્ડ કપ 2024ના ચાર દિવસ પહેલા મંગળવારે બની હતી.

બે પેરાગ્લાઈડર હવામાં એકબીજા સાથે અથડાયા હતા. જેના કારણે બેલ્જિયનના ફેયારેટ્સનું મૃત્યુ થયું હતું, જ્યારે પોલેન્ડના બીજા પેરાગ્લાઈડરને ઈજાઓ થઈ હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, 60 વર્ષીય ફેયારેટ્સ ફ્રી ફ્લાઈંગ પેરાગ્લાઈડર હતા.

# વિશાળ ઐશ્વર્યા પરિવારના મોભી બનીને સતત કામદારોનો ખ્યાલ રાખતા રહેતા હોય મીલના પરિવાર માટે રમેશ ડુમશિયા ઐશ્વર્ય બની રહ્યા

**કામદારોના** સંતાનો કામદાર બની રહેવાને બદલે સારો અભ્યાસ કરી વિકાસ સાધે એવી રમેશભાઈની ઝંખના પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સૌનો સાથ સૌનો વિકાસનો જ પર્યાય



પલસાણા : વરેલીની ઐશ્વર્યા મીલનું ઐશ્વર્ય એટલે કે મીલના માલિક રમેશ ડુમશિયા એક મીલ માલિક બની રહેવાને બદલે સંવેદનાની મૂર્તિ બની રહેતાં કામદારો માટે ઐશ્વર્યા મીલ એટલે સ્વર્ગ બની રહી છે. રમેશભાઈનો પરોપકાર કોરોનાની મહામારીમાં પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની લાગણીનું શબ્દશઃ પાલન કરી દેખાડ્યું હતું. મોદીજીએ લોકડાઉન દરમિયાન કોઈ પણ કામદારને છુટા નહીં કરાય એવી લાગણી વ્યક્ત કરી હતી. એ લાગણીનો પડઘો પાડતા રમેશભાઈએ ઐશ્વર્યા મીલમાંથી એક પણ કામદારને છુટો કર્યો નહીં એટલું જ નહીં તેમને ભોજન તથા રોકડની સહાય કરીને આજે ચાર વર્ષે મીલને ધમધમતી રાખીને કામદાર પરિવારને ફરીથી બેઠો કરી દીધો છે.

રમેશભાઈની માનવતા દક્ષિણ ગુજરાત જ નહીં આખા દેશમાં પણ અનેક વિસ્તારોમાં પ્રસરી ચુકી છે. ઐશ્વર્યા મીલના પરપ્રાંતીય કામદારો અને તેમના પરિવાર રમેશભાઈની સંવેદનાને સલામ કરતા રહ્યા છે. રમેશભાઈ બિઝનેસમેન છે, પોતાની મીલને ધમધમતી રાખીને કમાણી તો કરે જ છે, પરંતુ એ કમાણીમાં કામદારોની કાળી મજુરીની કમાણીને બદલે તેમાં માનવતાની મહેંક ફેલાતી રહી છે.

વર્ષોથી રમેશભાઈ તેમના કામદારો તથા તેમના પરિવારોને સતત મદદ કરતા રહે છે. કામદારો કે તેમના પરિવારના સભ્યની માંદગી હોય કે સંતાનોના શિક્ષણની ચિંતા કામદારે કરવાની જ હોતી નથી. રમેશભાઈ બેઠા હોય ત્યારે ઐશ્વર્યા મીલનો એકે કામદાર તણાવમાં રહેતો નથી.

જેમ ભગવાન બધાની ચિંતા કરતા હોય એમ ઐશ્વર્યા મીલના કામદારો અને તેમના પરિવારની ચિંતા રમેશભાઈ જ કરતા હોય, કયા કામદારને ટેન્શન રહે ?

કોરાનાના સમયમાં તો રમેશભાઈએ પોતાના કામદારોથી આગળ વધીને તમામ આસપાસના ગરીબોની પણ ચિંતા કરી હતી. લોકડાઉનમાં રોજગારી બંધ થઈ ગઈ હતી, ત્યારે તેમણ લોકોને ભુખ વેઠવી નહીં પડે એ માટે દાનની ગંગા એવી વહાવી દીધી હતી કે સામુહિક રસોડા ચલાવીને તેમણે હજારો લોકોના પેટની આગ ઠારી હતી. આ ગુજરાતીની દિલેરીને આખા દેશે વધાવી લીધી હતી. પરપ્રાંતીય કામદારોના વતનમાં રહેતા પરિવારો પણ આ ગુજરાતીની સંવેદના જોઈને દુઆ આપતા રહ્યા છે. પલસાણા તાલુકાના કડોદરાની મગનવાડીમાં પરપ્રાંતિયોના પેટનો ખાડો પુરવા માટે કડોદરા વિસ્તારના મીલ માલિકો તથા અગ્રણીઓએ સુવિધા ઊભી કરીને માનવતાના દર્શન કરાવ્યા છે. બીજા મીલ માલિકોની સાથે સાથે આ નેક કામમાં હંમેશા મીલ કામદારોની પરેશાનીમાં તેમની પડખે રહેતા ઐશ્વર્યા મીલના માલિક રમેશભાઈ ડુમશિયા અગ્રેસર રહ્યા છે. અનેક આગેવાનોની સથવારે 10 હજારથી વધુ પરપ્રાંતિય લોકોની ભોજનની વ્યવસ્થા કરીને કામદારોને સતત સધિયારો આપતા રહ્યા હતા. કડોદરામાં 10 હજારથી વધુ કામદારો તથા તેમના પરિવારોને ભોજન પુરૂં પાડવા ઉપરાંત પડોશમાં આવેલા બલેશ્વરમાં 2500 લોકોની પણ ભોજનની વ્યવસ્થા કરીને રમેશભાઈ ડુમશિયા આ વિસ્તારના ભામાશા પુરવાર થયા હતા.

### સામાન્ય દિવસોમાં પણ કામદારોની ચિંતા અને તેમના ભાવિનું ચિંતન કરનારા માણસ

કોરોનામાં તેઓ શ્રમિક પરિવારોને માથે છત્ર બનીને સતત પડખે રહ્યા હતા. એ ઉપરાંત પણ તેઓ ઐશ્વર્યા મીલના કામદારો માટે સતત સહાય કરતા જ રહ્યા છે. કામદારોના પરિશ્રમને કારણે જ મીલ માલિકો બે પાંદડે થતા હોય છે, પરંતુ માનવતાની સરવાણી બહુ ઓછા મીલ માલિકોના દિલમાં વહેતી હોય છે. મહામારી કે કુદરતી આપત્તિના સમયે તો માનવતા અનેક લોકો દેખાડતા હોય છે, પણ સામાન્ય દિવસોમાં માનવતા દેખાડનારા બહુ ઓછા હોય છે. પરંતુ એ પાંચમાં પૂછાતા માનવીય મહેંક ફેલાવનારાઓમાં રમેશભાઈની નોંધ અવશ્ય લેવી પડે. સામાન્ય દિવસોમાં પણ કામદારો તથા તેમના પરિવારોનો મેડિકલ ખર્ચ કે સંતાનોના અભ્યાસનો ખર્ચ રમેશભાઈ ઉઠાવતા હોય છે. અભ્યાસની મશાલથી જ જીવનમાં અજવાળું ફેલાતું હોય છે, એ સમજી ચુકેલા રમેશભાઈ ડુમશિયા ઈચ્છે છે કે તેમના કામદારોના સંતાનો પણ કામદાર બની રહેવાને બદલે સારો અભ્યાસ કરીને બીજા વ્યવસાયમાં આગળ વધી વિકાસ સાધે. આખરે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ એ જ ઈચ્છે છે ને- સૌનો સાથ સૌનો વિકાસ. આવા મીલ માલિકની મીલમાં કયા કામદારને કામ કરવાનું નહીં ગમે ? કામદાર તરીકે નહીં પણ એક પરિવારના સભ્ય તરીકે રમેશભાઈ વિશાળ ઐશ્વર્યા પરિવારના મોભી બનીને સતત કામદારોનો ખ્યાલ રાખતા રહેતા હોય મીલના પરિવાર માટે રમેશભાઈ ઐશ્વર્ય જ બની રહ્યા છે.











